| PUBLICATION NAME : | Gujarat Pranam |
|---|---|
| EDITION : | Ahmedabad |
| DATE : | 08/07/2022 |
| PAGE: | 3 |

# રાજ્યના સ્ટાર્ટઅપ્સ વૃદ્ધિને આગામી સ્તરે લઈ જવા સજ્જ...



અમદાવાદ : આદરણીય કેન્દ્રીય રેલવે મંત્રી, સંચાર અને ઈલેક્ટ્રોનિક્સ એન્ડ ઈન્ફોર્મેશન ટેકનોલોજી મંત્રી શ્રી અશ્વિની વૈષ્ણવે ગુજરાત સરકારના ઉચ્ચ અને ટેકનિકલ શિક્ષણના પ્રિન્સિપલ સેક્રેટરી શ્રી એસ જે હૈદર અને ગુજરાત સરકારના ઉચ્ચ શિક્ષણના હાઈ કમિશનર, આઈએએસ, શ્રી નાગરાજન સાથે આંતરપ્રિન્યોરશિપ ડેવલપમેન્ટ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ઈન્ડિયા (ઈડીઆઈઆઈ)માં યુનિવર્સિટીઓ અને ઈક્યુબેશન સેન્ટર્સમાંથી આશાસ્પદ સ્ટાર્ટઅપ્સ અને વિદ્યાર્થીઓ સાથે સંવાદ કર્યો હતો.

શ્રી અશ્વિની વૈષ્ણવે નવા ઉદ્યોગસાહસિકો માટે સ્ટાર્ટઅપ ઈકોસિસ્ટમ વિકસાવવામાં બેસ્ટ પર્ફોર્મર સ્ટેટ તરીકે બહાર આવવા બદલ ગુજરાત રાજ્યને અભિનંદન આપ્યાં હતાં.

ગુજરાત સરકારના શિક્ષણ વિભાગના ટેકા સાથે ઈડીઆઈઆઈએ શ્રી અશ્વિની વૈષ્ણવે રસપ્રદ સત્રનું આયોજન કર્યું હતું, જેમાં તેમણે રાજ્ય સરકારના સ્ટાર્ટઅપ્સ માટેની પહેલની પ્રશંસા કરી હતી. તેમણે કહ્યું હતું કે, ''સરકારે 'ડિજિટલ ઈન્ડિયા', 'મેડ ઈન ઈન્ડિયા', 'મેક ઈન ઈન્ડિયા', 'સ્ટેન્ડઅપ ઈન ઈન્ડિયા' અને આ પ્રકારની ઘણી સર્વસમાવેશક નીતિઓ પ્રસ્તુત કરી છે, જેણે સ્ટાર્ટઅપ ઈકોસિસ્ટમને વેગ આપ્યો છે.

રાજ્યો સ્ટાર્ટઅપ ઈકોસિસ્ટમને આગળ વધારવામાં મોટી ભૂમિકા ભજવે છે અને ગુજરાતે સફળ સ્ટાર્ટઅપ્સ વિકસાવીને, કોર્પોરેટ વહીવટ વધારીને, કામગીરીનું વિસ્તરણ કરીને, ફંડિંગ ગેપ્સ દૂર કરીને અને મજબૂત બ્રાન્ડ સ્થાપિત કરવા પર ભાર મૂકીને શ્રેષ્ઠ સ્ટાર્ટઅપ ઈકોસિસ્ટમ વિકસાવી હતી.''

ઉદ્યોગ સંગઠનો/સરકાર, શિક્ષણજગત, સ્ટાર્ટઅપ્સના વરિષ્ઠ અધિકારીઓ તથા ગુજરાતમાંથી અન્ય મહાનુભાવો આ કાર્યક્રમમાં સહભાગી થયા હતા અને નેટવર્કિંગની તક ઝડપી હતી તેમજ તેમના ઉદ્યોગસાહસિકતાના પ્રયાસો અને અનુભવો વિશે વાત કરી હતી.